અપીલ અરજી નં.૩૮૪ તા.૨૯–૧–૧૦

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા: ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામ ઝોન

## ફરીયાદની હકીકત:–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૧–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ પ્રણામી શોપીંગ સેન્ટરની લાઈનમાં રીલાયન્સ પેટ્રોલ પંપની સામે કૃષ્ણ સોસાયટીવાળા પ્લોટ નં.૭૯ ની આજુબાજુમાં આવેલ દુકાનના માળ પર ચાલતા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૮૪/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૧–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ પ્રણામી શોપીંગ સેન્ટરની લાઈનમાં રીલાયન્સ પેટ્રોલ પંપની સામે કૃષ્ણ સોસાયટીવાળા પ્લોટ નં.૭૯ ની આજુબાજુમાં આવેલ દુકાનના માળ પર ચાલતા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.નોર્થઝોન/આ.૭૨૨૦ તા.૧૯/૧/૧૦ થી આપેલ માહિતી ગોળ ગોળ અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૯ તા.૮–૨–૧૦ થી ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામ ઝોન તથા અરજદારને જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પત્ર અન્વયે ચોકકસ સબ પ્લોટનું વર્ણન આપી માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલ છે કે કેમ? તથા "આજુબાજુ" તે સંદિગ્ધ હોઈ સ્પષ્ટ માહિતી મેળવવા કરેલ પ્રયત્નની વિગત જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ વિગત અત્રેની કચેરીને પહોંચતી કરવામાં આવેલ નથી. પરંતુ અરજદારે અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પ્રત્યુત્તરની નકલ રજુ કરેલ.

અરજદારે તા.૨૧–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ પ્રણામી શોપીંગ સેન્ટરની લાઈનમાં રીલાયન્સ પેટ્રોલ પંપની સામે કૃષ્ણ સોસાયટીવાળા પ્લોટ નં.૭૯ ની આજુબાજુમાં આવેલ દુકાનના માળ પર ચાલતા બાંધકામ બાબતે (૧) સદર જગ્યાનો પ્લોટ નંબર ચોકકસ જણાવશો. (૨) સદર જગ્યા પરનો ઉપરના માળની પરવાનગી લેવામાં આવી છે. (૩) સદર બાંધકામ કાયદેસર છે. (૪) સદર બાંધકામનું પ્લાન પાસ થયું છે. (૫) સદર જગ્યાની લાઈનમાં તમામ દુકાનોની ઉપર માળ ચઢાવવામાં આવ્યા છે તે કાયદેસર છે. (૬) સદર દુકાનોના ઉપર માળ ચઢાવેલા ગેરકાયદેસર છે તો તેના પર પગલાં કેમ લેવામાં આવ્યા નથી તમામ માહિતી સ્થળ ઉપર જઈ તપાસ કરી પુરી પાડવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે વેડરોડ પ્રણામી શોપીંગ સેન્ટરના બાંધકામ બાબતે ચોકકસ કાય સબપ્લોટ નંબરની માહિતી મેળવવા ઈચ્છુક છો તે અંગે આપના તરફથી સ્પષ્ટતા/પુર્તતા થઈ આવ્યેથી માંગ્યા મુજબની માહિતી કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ આપી શકાશે. એમ જણાવેલ.અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતીનો ગોળગોળ જવાબ આપવામાં આવેલ હોવાનું જણાવેલ. તેમજ અરજદારને અપીલ તબકકે વધુ એક તક આપી પત્ર પાઠવવામાં આવેલ તેમ છતાં કોઈ વિગતો મળેલ નથી. અરજદારે " આજુબાજુ " માં કોઈ ચોકકસ દિશા કે સ્થળ સ્થિતિ જણાવેલ નથી તદ ઉપરાંત માહિતી અરજીના મુદ્દા ૧ થી ૫ વિધાન સ્વરૂપ જણાય છે તેમાં કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧૨–૦૯ નીઅરજી અસ્પષ્ટ અને અધૂરી વિગતો ધરાવતી હોવાથી જાહેર માહિતી અધિકારી ધ્વારા સબ પ્લોટ નંબર તથા સ્પષ્ટ વિગતો જણાવ્યેથી માહિતી આપવા તૈયારી દર્શાવતો પત્ર અરજદારને પાઠવેલ હોઈ અપીલ અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી. અરજદાર ઈચ્છુક હોય તો વિગતો રજુ કરી માહિતિ મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામ ઝોન ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ગુલામભાઈ મેમણ